ક્રમાંક:જીઆઇડીસી/એએલટી/પોસ્ટ-
વિતરણ/પોલિસી/૦૫
જીઆઇડીસી, વડી કચેરી, ગાંધીનગર.
તા- ૨૯/૨/૨૦૨૪

// પરિપત્ર //

વિષય: નિગમ દ્વારા સાણંદ-૨ ઔદ્યોગિક વસાહત ખાતે મહિલા ઔદ્યોગિક પાર્કમાં ફાળવવામાં આવેલ ઔદ્યોગિક મિલકતો માટે તારીખ:૩૧/૦૩/૨૦૨૫ સુધી વપરાશની સમયમર્યાદા વધારી આપવા બાબત.

સંદર્ભ :- ૧. નિગમના પરિપત્ર ક્રમાંક :જીઆઇડીસી/એએલટી/પોલીસી/પોસ્ટ-વિતરણ/પોલિસી/૦૧૬, તા.૧૯/૦૬/૨૦૨૦

૨. નિગમના પરિપત્ર ક્રમાંક :જીઆઇડીસી/એએલટી/પોલીસી/પોસ્ટ-વિતરણ/પોલિસી/૦૧૩, તા.૧૯/૦૬/૨૦૨૦

૩. નિગમના પરિપત્ર ક્રમાંક :જીઆઇડીસી/એએલટી/પોલીસી/પોસ્ટ-વિતરણ/પોલિસી/૦૨૯, તા.૦૮/૧૦/૨૦૨૦

૪. નિગમના પરિપત્ર ક્રમાંક :જીઆઇડીસી/એએલટી/પોલીસી/પોસ્ટ-વિતરણ/પોલિસી/૩૪, તા.૨૩/૧૦/૨૦૨૦

૫. નિગમના પરિપત્ર ક્રમાંક :જીઆઇડીસી/એએલટી/પોલીસી/પોસ્ટ-વિતરણ/પોલિસી/૨૮, તા.૨૭/૦૮/૨૦૨૧

૬. નિગમના પરિપત્ર ક્રમાંક: જીઆઇડીસી/એએલટી/પોલીસી/પોસ્ટ-વિતરણ/પોલિસી/૦૭, તા.૦૫/૦૮/૨૦૨૩

૭. નિગમના પરિપત્ર ક્રમાંક: જીઆઇડીસી/એએલટી/પોલીસી/પોસ્ટ-વિતરણ/પોલિસી/૦૨, તા.૦૨/૦૨/૨૦૨૪

નિગમ દ્વારા વિવિધ ઔદ્યોગિક વસાહતોમાં ઔદ્યોગિક પ્રકારની મિલ્કતોમાં બાંધકામના નકશા મંજુર કરાવી બાંધકામ શરૂ/પૂર્ણ કરવામાં આવેલ હોય અને નિગમની નીતિ મુજબ એકમ દ્વારા વપરાશ શરૂ કરેલ ન હોય તેવા તમામ ફાળવણીદારોને તારીખ:૩૧/૦૩/૨૦૨૪ સુધીની વપરાશની સમયમર્યાદામાં વધારો કરી આપવા અંગે તા.૦૨/૦૨/૨૦૨૪ના પરિપત્રથી નીતિ અમલમાં મુકવામાં આવેલ. જેમાં વાયબ્રન્ટ વુમેન ઇન્ડસ્ટ્રીયલ નેટવર્કીંગ એસોસિએશન, સાણંદ-૨ દ્વારા સાણંદ-૨ ઔદ્યોગિક વસાહત ખાતે મહિલા ઔદ્યોગિક પાર્કમાં ફાળવેલ પ્લોટોમાં પ્લાન મંજુર કરાવેલ હોય પરંતુ બાંધકામ પૂર્ણ થયેલ ન હોય, પ્લાન મંજુર કરાવ્યા વિના બાંધકામ પૂર્ણ કરેલ અથવા ચાલુ કરેલ તથા સમય મર્યાદા નજીકમાં બાંધકામ પૂર્ણ થનાર હોવાનુ જણાવી વધુ એક વર્ષ એટલે કે તા.૩૧/૦૩/૨૦૨૫ સુધી વપરાશની સમયમર્યાદા વધારી આપવા માટેની મળેલ રજુઆત અન્વયે સાણંદ-૨ ઔદ્યોગિક વસાહત ખાતેના મહિલા ઔદ્યોગિક પાર્કના ફાળવણીદારોને

મહિલા સશક્તિકરણના ભાગરૂપે તા.૩૧/૦૩/૨૦૨૫ સુધી વપરાશની સમયમર્યાદા વધારી આપવા બાબતે નિગમની ૫૧૯મી સભા બાદ સરક્યુલેટીંગ એજન્ડા દ્વારા ઠરાવ ક્રમાંકઃ ૨/પોસ્ટ-વિતરણ/સરક્યુલેટીંગ તા.૨૯/૦૨/૨૦૨૪થી પસાર કરવામાં આવેલ છે, જે અન્વયે નીચે મુજબની નીતિ અમલમાં મુકવામાં આવે છે.

૧) સદર નીતિનો લાભ સાણંદ-૨ વસાહત ખાતેના મહિલા ઔદ્યોગિક પાર્કના ફાળવણીદારને જ મળવાપાત્ર રહેશે. જે પ્લોટ માટે વપરાશની સમયમર્યાદા પૂર્ણ થયેલ હોય અને બાંધકામના નકશા મંજુર કરાવેલ હોય કે મંજુર ન કરાવેલ હોય, બાંધકામ શરૂ કરેલ ન હોય અથવા બાંધકામ શરૂ/પૂર્ણ કરેલ હોય તથા નિગમના નીતિ નિયમ મુજબ વપરાશ કરેલ ન હોય તેવા તમામ ફાળવણીદારને સદર નીતિ હેઠળ અરજી કર્યેથી વપરાશની સમયમર્યાદા વધારી આપવાની રહેશે

૨) આ નીતિ હેઠળ વણવપરાશી દંડની રકમ વસૂલ કર્યા સિવાય તા.૩૧/૦૩/૨૦૨૫ સુધી મિલકતના ઉપયોગની સમયમર્યાદા વધારી આપવાની રહેશે.

૩) સદર નીતિ અન્વયે લાભ મેળવવા બાબતે મહિલા ઉદ્યોગકારે પરિપત્ર જારી થયાના દિન-૧૨૦માં નિગમને ઓનલાઇન અરજી કરવાની રહેશે.

૪) અરજી સાથે ફાળવણીદારે નોટરાઇઝ્ડ બાંહેધરીખત દ્વારા સહમતી આપવાની રહેશે કે તેઓશ્રી ધ્વારા સદર મિલકતનો નિગમના નીતિ નિયમ મુજબ તારીખ:૩૧/૦૩/૨૦૨૫ સુધીમાં વપરાશ કરવામાં આવશે અને જો તેઓશ્રી દ્વારા નિયત સમયમર્યાદામાં મિલકતનો ઉપયોગ કરવામાં નહી આવે તો અગાઉના તમામ વણવપરાશી સમયગાળા માટે નિગમની નીતિ મુજબ વણવપરાશી દંડની રકમ નિગમ દ્વારા વસૂલવામાં આવશે તથા નિગમ દ્વારા જી.પી.પી. એક્ટ હેઠળ આગળની કાર્યવાહી કરવામાં આવશે.

૫) અરજી સમયે નિગમના તમામ બાકી લ્હેણા વસૂલ લેવાના રહેશે.

૬) ફાળવણીદારે તા.૩૧/૦૩/૨૦૨૫ સુધીમાં નિગમના નીતિ નિયમ મુજબ બાંધકામ કરી પ્લોટનો વપરાશ શરૂ કરવાનો રહેશે તેમજ મિલકત વપરાશી હોવાનુ સર્ટીફિકેટ મેળવવા માટે પ્લોટ વપરાશના પુરાવાઓ એટલે કે બાંધકામના ફોટોગ્રાફ્સ, કાયમી વિજ જોડાણનું પ્રમાણપત્ર અને વિજ વપરાશનું સ્ટેટમેન્ટ ફાળવણીદારે તા.૩૧/૦૫/૨૦૨૫ સુધીમાં ઓનલાઇન રજૂ કરવાનાં રહેશે. જે રજૂ થયેથી ક્ષેત્રીય કચેરી દ્વારા ચકાસણી કરી નિગમના નીતિ નિયમ મુજબ મિલકત વપરાશી જણાયેથી Utilization Certificate ઓનલાઇન જારી કરવાનું રહેશે.

૭) જીપીપી એક્ટ હેઠળ જે કિસ્સામાં પ્લોટ/શેડ નો કબજો નિગમ દ્વારા પરત લેવામાં આવેલ હોય કે જીપીપી એક્ટ ૧૯૭૨ ની કલમ ૫(૨) હેઠળ પ્લોટનો કબ્જો મેળવવાનો હુકમ કરવામાં આવેલ હોય તેવા ફાળવણીદારોને સદર નીતિ અંતર્ગત લાભ મળવાપાત્ર રહેશે નહી.

૮) સદર નીતિ અંતર્ગત જે કિસ્સામાં મૂળ ફાળવણીદાર પેઢીનું માત્ર નામ બદલાતું હોય એટલે કે ૧૦૦ ટકા શેરફાળો જળવાતો હોય અથવા તો મૂળ ફાળવણીદારના મૃત્યુ બાદ તેના વારસદારોના નામે વારસાઈ થયેલ હોય આ પ્રકારના બંને કિસ્સામાં ફાળવણીદારે નિગમની મંજુરી મેળવેલ હોય અથવા મંજુરી મેળવવાની બાકી હોય તેવા કિસ્સામાં નેમ ચેન્જ/વારસાઈની સાથે વપરાશની સમયમર્યાદા તા.૩૧/૦૩/૨૦૨૫ સુધી વધારી આપવાની રહેશે. વધુમાં, સદર નીતિ અંતર્ગત વધારી આપેલ વપરાશની સમયમર્યાદા દરમ્યાન જો ફાળવણીદારનો ૧૦૦ ટકા શેરફાળો જળવાતો હોય અને માત્ર નેમ ચેન્જ થતું હોય તેવા કિસ્સામાં કોઈપણ પ્રકારની વણવપરાશી દંડની રકમ વસુલ મેળવ્યા સિવાય નેમ ચેન્જની મંજુરી આપવાની રહેશે.

૯) સમયમર્યાદા વધારી આપવાની સત્તા વિભાગીય પ્રબંધકશ્રી હસ્તક રહેશે.

૧૦) તા.૧૯/૦૬/૨૦૨૦, તા.૦૮/૧૦/૨૦૨૦, તા.૨૩/૧૦/૨૦૨૦, તા.૨૭/૦૮/૨૦૨૧ તથા તા.૦૫/૦૮/૨૦૨૩ના પરિપત્રની અન્ય જોગવાઇઓ યથાવત રહેશે.

૧૧) સદર નીતિ અંતર્ગત અર્થઘટન અંગેના પ્રસંગે સત્તા ઉપાધ્યક્ષ અને વહિવટી સંચાલકશ્રીને હસ્તક રહેશે જરુર જણાયે કોઇ કિસ્સામાં ગુણદોષને આધિન નિર્ણય લેવાની સત્તા ઉપા.અને વહી.સંચા.શ્રી હસ્તક રહેશે.

નિગમના તમામ વિતરણ અધિકારીશ્રીઓએ આ સુચનાઓની નોંધ લેવી અને તેનો અમલ કરવો.

સહી/-
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક
જીઆઇડીસી, ગાંધીનગર

પ્રતિ,
નિગમના તમામ વિતરણ અધિકારીશ્રીઓ.

નકલ રવાના :

૧. મેનેજરશ્રી (એસએન્ડએ), જીઆઇડીસી, ગાંધીનગર ...... તરફ નિગમની વેબસાઇટ પર અપલોડ કરવાં સારૂ તેમજ નિગમના રેકર્ડમાં નોંધાયેલ સાણંદ–૨ મહિલા ઔદ્યોગિક પાર્કના વર્તમાન ફાળવણીદારોના રજીસ્ટર ઇ-મેઇલ મારફતે પરિપત્રની જાણ થવા તેમજ ઓનલાઇન મોડ્યુલમાં યોગ્ય સુધારા કરવા સારૂ.

૨. પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશન, ગાંધીનગર તરફ જાણ સારૂં.

૩. પ્રમુખશ્રીઓ, તમામ માન્ય ઔદ્યોગિક વસાહત મંડળો તરફ જાણ સારૂં.

રવાના કર્યુ,

મેનેજર (મહેકમ)